# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/95 Dt. 07/09/2026

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઈ-વે બિલની 24x7 મોબાઈલ સ્ક્વોડ તપાસ બંધ કરી 'ઇન્ટેલિજન્સ-બેઝ્ડ' રેન્ડમ ચેકિંગ લાગુ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ચેમ્બરની રજૂઆત

## નાની તકનીકી ભૂલોમાં વાહનો-માલ જપ્ત થતાં પ્રામાણિક વેપારીઓ મુશ્કેલીમાં; સમગ્ર માનવબળ રોકાયેલું રહે એના કરતા તેનો ઉપયોગ ડેટા એનાલિટિક્સ અને વાસ્તવિક કરચોરી પકડવામાં થવો જોઈએ

### હાઈવે પર સતત ચેકિંગથી માલવાહક વાહનો દિવસો સુધી અટવાતાં MSME અને એક્સપોર્ટ બિઝનેસને મોટો ફટકો પડે છે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### નાની ભૂલો સામે કોર્ટ-ટ્રિબ્યુનલમાંથી વેપારીઓને રાહત મળે છે, પરંતુ બિનજરૂરી કાનૂની ખર્ચ અને વહીવટી સમય વેડફાય છે

### CBIC પરિપત્ર 64/38/2018-GST મુજબ સામાન્ય ક્લેરિકલ ભૂલોમાં કડક દંડાત્મક પગલાં ન લેવા ફિલ્ડ સ્ટાફને સૂચના આપવા અનુરોધ

**સુરત, 07 સપ્ટેમ્બર 2026:**

જીએસટી હેઠળ ઇ-વે બિલની ચકાસણી માટે રાજ્યમાં હાલમાં 24 કલાક કાર્યરત મોબાઈલ સ્ક્વોડની પરંપરાગત તપાસ પ્રથા નાબૂદ કરી, તેના સ્થાને જોખમ આધારિત (ઇન્ટેલિજન્સ-બેઝ્ડ) રેન્ડમ વાહન ચકાસણી

પદ્ધતિ અમલમાં મૂકવા બાબતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે.

**પ્રામાણિક વેપાર જગતમાં તણાવ અને અસુરક્ષા: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, જીએસટીમાં કરચોરી અને ગેરરીતિ અટકાવવાના સરકારના પ્રયાસો આવકાર્ય છે, પરંતુ ધોરીમાર્ગો પર 24 કલાક ચાલતા સ્થાયી ચેકિંગના કારણે ઈ-વે બિલમાં સામાન્ય, ક્લેરિકલ કે સુધારી શકાય તેવી નાની ભૂલોમાં પણ સમગ્ર વાહન અને માલ જપ્ત કરી લેવામાં આવે છે. આ પ્રકારની કડક કાર્યવાહીથી પ્રામાણિક ડીલરો અને ટ્રાન્સપોર્ટરો મુશ્કેલીમાં મુકાય છે.

પાછળથી જ્યારે વેપારી ન્યાયિક મંચ સમક્ષ અપીલ કરે છે ત્યારે તેને રાહત મળી જાય છે, પરંતુ ત્યાં સુધીમાં માલની ડિલિવરીમાં અસહ્ય વિલંબ, વેપારમાં મોટું આર્થિક નુકસાન અને અપીલ-વકીલ ફીનું બિનજરૂરી ભારણ ભોગવવું પડે છે. વાહનો દિવસો સુધી અટવાઈ રહેવાથી રાજ્યના MSME એકમો અને નિકાસકારોની સ્પર્ધાત્મક ક્ષમતા પર વિપરીત અસર પડે છે, જે ગુજરાતના 'ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ'ના મૉડલ સ્ટેટના હિત વિરુદ્ધ છે.

ચેમ્બરે ધ્યાન દોર્યું છે કે હાઈવે પર સ્થાયી ચેકપોસ્ટો અને મોબાઈલ સ્ક્વોડ આસપાસ વચેટીયા-દલાલ પ્રકારના તત્ત્વો સક્રિય થઈ જાય છે, જે એક સમાંતર અર્થતંત્ર ઊભું કરે છે અને પારદર્શક કર-વહીવટને નુકસાન પહોંચાડે છે. આ દૂષણ નાબૂદ કરવા ટેકનોલોજી આધારિત નિરીક્ષણ વધારવું અનિવાર્ય છે.

ચેમ્બર દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ કરાયેલી મુખ્ય માંગણીઓ:

- **24x7 મોબાઈલ સ્ક્વોડ નાબૂદી:** ઈ-વે બિલની સ્થાયી અને નિયમિત તપાસ માટે તૈનાત મોબાઈલ સ્ક્વોડની પ્રથા તાત્કાલિક બંધ કરવી.
- **ઇન્ટેલિજન્સ-આધારિત રેન્ડમ ચેકિંગ:** માત્ર ચોક્કસ માહિતી અને રિસ્ક એસેસમેન્ટના આધારે જ વાહનોની ચકાસણી કરવી, જેમાં RFID/FASTag, સીસીટીવી અને GSTN ડેટા એનાલિટિક્સનો મહત્તમ ઉપયોગ કરવો.
- **માનવબળનો યોગ્ય વિનિયોગ:** મોબાઈલ સ્ક્વોડમાં મોટી સંખ્યામાં માનવ બળ રોકાયેલું રહે છે. આ માનવબળને સ્થાયી ચેકિંગના બદલે વાસ્તવિક બોગસ બિલિંગ, સર્વે અને ડેટા-આધારિત તપાસ કામગીરીમાં લગાવવું.
- **CBIC પરિપત્રનું પાલન:** સામાન્ય ટાઈપિંગ કે તકનીકી ભૂલ માટે વાહન જપ્ત ન કરી માત્ર નજીવો દંડ કરવા અંગેના CBIC પરિપત્ર ક્રમાંક 64/38/2018-GST નું ચુસ્ત પાલન કરવા ફિલ્ડ સ્ટાફને સ્પષ્ટ આદેશ આપવા.
- **સમીક્ષા બેઠકો:** નવી પ્રણાલીના અમલ અને મૂલ્યાંકન માટે વાણિજ્યિક કર વિભાગ અને વેપાર ચેમ્બરો વચ્ચે સમયાંતરે રિવ્યુ મીટિંગ યોજવી.

આ પત્રની નકલ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, નાણાં રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ તેમજ મુખ્ય વાણિજ્ય વેરા કમિશનરને પણ યોગ્ય કાર્યવાહી અર્થે મોકલવામાં આવી છે.